## ઈડીઆઈઆઈના ડૉ. કવિતા સક્સેના તથા ગણપતિ બાથિનીનો અભ્યાસ

# 16 વર્ષમાં સોશિયલ સાયન્સિસમાં 20,271 જ્યારે આંત્રપિન્યોરશિપમાં માત્ર 177 Ph.D.

**ઈડીઆઈઆઈ દ્વારા દેશભરની 740 માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીઝમાંથી માહિતી એકત્ર કરી હાથ ધરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું કે, છેલ્લાં 16 વર્ષમાં આંત્રપ્રિન્યોરશિપમાં પીએચ.ડી. કરનારા 177 વિદ્યાર્થીઓમાંથી 104 પુરુષો છે તથા 73 મહિલાઓ છે. 177 થિસિસમાંથી 167 અંગ્રેજીમાં છે જ્યારે માત્ર 10 થિસિસ જ હિન્દીમાં લખાયા છે.**

સિટી રિપોર્ટર @ahm_cb

છેલ્લાં 16 વર્ષમાં 740 માન્યતાપ્રાપ્ત યુનિવર્સિટીઓમાંથી 177એ જ ઉદ્યોગસાહસિકતામાં પીએચ.ડીની ડિગ્રી એનાયત કરી હતી. 59 ટકા સંશોધન પુરુષ સંશોધકોએ કર્યા હતા. આ થિસિસમાંથી 167 અંગ્રેજીમાં અને 10 હિંદીમાં હતાં. મહારાષ્ટ્રમાં યુનિવર્સિટીઓએ છેલ્લાં 16 વર્ષમાં ઉદ્યોગસાહસિકતામાં 25 પીએચ.ડી ડિગ્રી એનાયત કરી છે, જ્યારે કર્ણાટકે 18 અને મધ્યપ્રદેશે 15 ડિગ્રી એનાયત કરી હતી. આ જ સમયગાળામાં સોશિયલ સાયન્સિસમાં 20,271 ડૉક્ટરેટની ડિગ્રી સાથે અભ્યાસો થયા છે, ત્યારે 177 પીએચ.ડી ઉદ્યોગસાહસિકતામાં એનાયત થયા હતા. આ પ્રકારની રસપ્રદ બાબતો આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)ના ડૉ. કવિતા સક્સેના અને ગણપતિ બાથિનીએ હાથ ધરેલા સંશોધન 'સ્ટડી ઓફ આંત્રપ્રિન્યોરિયલ રિસર્ચ એન્ડ ડોક્ટરલ ડિઝર્ટેશન્સ ઈન ઈન્ડિયન યુનિવર્સિટીઝ'માં જાણવા મળી છે.

આ અભ્યાસનો ઉદ્દેશ છેલ્લાં 16 વર્ષમાં ઉદ્યોગસાહસિકતા ક્ષેત્રમા થયેલા સંશોધનની પ્રકૃતિ અને દિશાને ઓળખવાનો હતો. ઈડીઆઈઆઈના એસોસિએટ ફેકલ્ટી ડો. કવિતા સક્સેનાએ સંશોધનને સમજાવતાં કહ્યું કે, 'અભ્યાસના ક્ષેત્ર તરીકે ઉદ્યોગસાહસિકતાને ક્રમશઃ વેગ મળી રહ્યો છે જોકે તેને સંશોધન અને ડોક્ટરલ શિક્ષણના ક્ષેત્રમાં હજુ લાંબી મજલ કાપવાની છે. આ અભ્યાસ છેલ્લાં 16 વર્ષમાં ભારતીય વિશ્વવિદ્યાલયમાં ઉદ્યોગસાહસિકતાની વૃદ્ધિ અને વિકાસને સૂચવે છે.'

ડો. સક્સેનાએ ઉમેર્યું હતું કે, 'વર્તમાન અભ્યાસમાં મહિલા ઉદ્યોગસાહસિકતા સંશોધનમાં સૌથી વધુ પસંદગીનું ક્ષેત્ર હોવાની જાણકારી મળી હોવા છતાં વધારે સંશોધન અન્ય ક્ષેત્રોને ઓળખવા માટે થઈ શકશે, જેમાં ડોક્ટરલ ડિઝર્ટેશન્સ ભારતીય યુનિવર્સિટીઓમાં થઈ શકશે. સંપૂર્ણ દેશ ઉદ્યોગસાહસિકતા તરફ અગ્રેસર હોવાથી પ્રાદેશિક સ્તરે ઉદ્યોગસાહસિકતાની નીતિઓનો અભ્યાસ થઈ શકશે. આ નીતિઓની સરખામણી વિવિધ રાજ્યોમાં હાથ ધરવામાં આવતા પીએચ.ડી ડિઝર્ટેશન્સની સંખ્યા અને પ્રકાર સાથે કરીને સંશોધનની અસરો જાણી શકાશે.' 177 ડોક્ટરલ થિસિસમાંથી 104 પુરુષ સંશોધનની કામગીરી છે અને બાકીના 73 મહિલા સંશોધકો દ્વારા થયા હતા. અંગ્રેજી પસંદગીની ભાષા હતી, જેમાં 167 પીએચ.ડી થિસિસ થયા હતા અને બાકીના 10 હિંદીમાં થયા હતા.

આ અભ્યાસમાં સૂચનો પણ કરવામાં આવ્યાં છે જેમ કે, ભારતીય યુનિવર્સિટીઓએ પીએચ.ડી પ્રોગ્રામની ઉપલબ્ધતા વધારવી જોઈએ તથા ઉદ્યોગસાહસિકતામાં પદ્ધતિસરનું શિક્ષણ, તાલીમ અને સંશોધન પ્રદાન કરવા ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ડોક્ટરલ સંશોધનના વિભાગ વર્તમાન કોર્પોરેટ અને ફેમિલી બિઝનેસ ઉદ્યોગસાહસો સાથે જોડાણ સ્થાપિત કરી શકે છે, જેથી પુરાવા-આધારિત સંશોધન માટે તકો મેળવી શકાય. તેનો ઉપયોગ ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રમાં વિકસિત જાણકારી અને તેના વ્યવહારિક ઉપયોગ વચ્ચે રહેલા ફરકને દૂર કરવા માટે થઈ શકશે.'